UK Health Security Agency

NHS

# તમારે શું અપેક્ષા રાખવી

# COVID-19 રસીકરણ પછી



એવા લોકો માટે માહિતી કે જેઓએ હમણાંજ કોવિડ-19 (COVID-19) રસી લીધી હતી

વધારે માહિતી મેળવો nhs.uk/CovidVaccine

# વિષય કે અનુક્રમણિકા

આડ અસરો શું હોય છે?

મેં સાંભળ્યું છે કે રસીઓ અનિયમિત સમયગાળાનું અથવા અનપેક્ષિત રક્તસ્ત્રાવનું કારણ બની શકે?

જો મને મારા લક્ષણો વિષે ચિંતા થતી હોય તો મારે શું કરવું જોઈએ?

શું બીજી વધારે ગંભીર આડ અસરો છે?

શું મારા રસીકરણ પછી મારે 15 મિનિટ રાહ જોવી જોઈએ?

હું દૈનિક પ્રવૃતિઓમાં કયારે પાછા જઈ શકું?

શું રસી મારું રક્ષણ કરશે?

**કોરોનાવાઈરસ યલો કાર્ડ (Coronavirus Yellow Card) પર તપાસ કરી સંભવિત આડ અસરો સહિત, તમારી રસી પરની વધારે વિગતો માટે કૃપા કરી ઉત્પાદન પત્રિકા વાંચો.**

**તમે તે જ વેબસાઈટ પર અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) ડાઉનલોડ કરીને શંકાસ્પદ આડ અસરોનો રિપોર્ટ પણ કરી શકો છો.**

**yellowcard.mhra.gov.uk**

**કોરોનાવાઈરસ કોવિડ-19 (COVID-19) ની ગૂંચવણોથી સૌથી વધારે જોખમ ધરાવતા લોકોને કોવિડ-19 (COVID-19) રસીકરણ ઓફર કરવામાં આવી રહ્યું છે. આ પત્રિકા તમને જણાવે છે કે તમે તમારું રસીકરણ કરાવ્યા પછી શું અપેક્ષા રાખવી.**

## આડ અસરો શું હોય છે?

બધી દવાઓની જેમ, રસીઓ આડ અસરો પેદા કરી શકે. આમાંની મોટા ભાગની હળવી અને ટૂંકા ગાળાની હોય છે, અને દરેક વ્યક્તિને તે થતી હોતી નથી. કોવિડ-19 (COVID-19) રસીની સામાન્ય આડ અસરો એક દિવસની અંદર શરૂ થાય છે અને થોડા દિવસો સુધી રહી શકે.

આમાં સમાવેશ થાય છે:

- તમે જયાં તમારું ઈંજેકશન લીધું હતું તે હાથમાં પીડાદાયક, ભારે સંવેદના અને કોમળતા થાય
- થાક લાગવો
- માથાનો દુખાવો, પીડા અને ઠંડી લાગવી

તમને એક અથવા બે દિવસ માટે ધ્રુજારી અને કંપારીની ઘટનાઓના ફ્લૂ જેવા લક્ષણો પણ હોઈ શકે. આમ છતાં પણ, શરીરનું ઊંચું ઉષ્ણતામાન પણ સૂચવી શકે કે તમને કોવિડ-19 (COVID-19) અથવા બીજા ચેપ હોય (પાના 4 પરની સલાહ જૂઓ). તમને સારૂ થવામાં મદદરૂપ માટે તમે આરામ કરો અને પેરાસિટિમોલનો સામાન્ય ડોઝ લઈ શકો (પેકેજીંગમાં ડોઝની સલાહને અનુસરો).

અસામાન્ય આડ અસરમાં જે હાથમાં જયાં તમે રસી લીધી હોય તે જ બાજુએ ગરદન અથવા બગલમાં ગ્રથિઓ સોજી જાય છે. આ લગભગ 10 દિવસ સુધી ચાલી શકે, પણ જો તે લાંબા સમય સુધી ચાલે તો તમારા ડોક્ટરને મળો. જો તમે રસી પછીના થોડાક અઠવાડિયાઓમાં મેમોગ્રામ કરાવવાના હો, તો પછી તમારે જયારે તમે હાજર રહો ત્યારે તમારે તે જણાવવું જોઈએ.

## મેં સાંભળ્યું છે કે રસીઓ અનિયમિત સમયગાળાનું અથવા અનપેક્ષિત રક્તસ્રાવનું કારણ બની શકે ?

માસિક કે પીરિઅડની સમસ્યાઓ અત્યંત સામાન્ય હોય છે અને તે તણાવ અને બીજી ટૂંકા ગાળાની બીમારીઓ સહિતના વિવિધ પરિબળોને કારણે થઈ શકે.

અમુક લોકોને રસીકરણના મહિનામાં અથવા પછીના મહિનામાં સામાન્ય માસિક પીરિઅડ્સ કરતાં વધારે અનુભવ થઈ શકે. જયારે અમુક લોકો દ્વારા રસીકરણ પછી પીરિયડ્સમાં બીજા ફેરફારોનો રિપોર્ટ કરવામાં આવ્યો છે, ત્યારે આ રસીના કારણે થયા હતા તેના કોઈ પુરાવા નથી.

## જો મને મારા લક્ષણોની ચિંતા હોય તો મારે શું કરવું જોઈએ?

આ લક્ષણો સામાન્ય રીતે એક અઠવાડિયા કરતા ઓછા સમય સુધી રહે છે. જો તમારા ચિહ્નો વધારે ખરાબ થઈ રહ્યા હોય તેવું દેખાય અથવા જો તમને ચિંતા થાય તો NHS 111 ને કોલ કરો. જો તમે ડોક્ટર અથવા નર્સની સલાહ લેવાનો પ્રયત્ન કરો તો, ખાતરી કરો કે તમે તેઓને તમારા રસીકરણ વિષે જણાવો છો (રસીકરણ કાર્ડ બતાવો) જેથી કરીને તેઓ તમારી યોગ્ય આકારણી કરી શકે.

તમે યલો કાર્ડ યોજના (Yellow Card scheme) મારફતે રસી અને દવાઓની શંકાસ્પદ આડ અસરોનો રિપોર્ટ પણ કરી શકો છો. તમે યલો કાર્ડ (Yellow Card) શોધીને અથવા તો યલો કાર્ડ એપ્પ (Yellow Card app) ડાઉનલોડ કરીને આ ઓનલાઇન કરી શકો છો (કૃપા કરી પાનુ 2 જુઓ).



## શું બીજી વધારે ગંભીર આડ અસરો હોય છે?

ફાઈઝર (Pfizer) અને મોડેર્ના (Moderna) કોવિડ-19 (COVID-19) રસીઓ પછી હ્યદયમાં બળતરાના કિસ્સાઓ (જેને માયોકાર્ડિટિસ (myocarditis) અથવા પરિકાર્ડિટિસ (pericarditis) કહેવામાં આવે છે) ખૂબજ ભાગ્યેજ રિપોર્ટ કરવામાં આવ્યા છે. આ કેસો મોટા ભાગે યુવાન પુરુષોમાં રસીકરણના કેટલાક દિવસોની અંદર જોવા મળ્યા છે.

આમાંના મોટા ભાગના લોકો આરામ અને સરળ સારવારને અનુસરીને સ્વસ્થ થયા અને વધારે સારુ લાગ્યું.



**જો તમને અનુભવ થાય તો તમારે તાકીદે તબીબી સલાહ લેવાનો પ્રયત્ન કરવો જોઈએ:**

- છાતીમાં દુખાવો
- હાંફ ચઢવો
- ઝડપી ધબકારાની સંવેદના, ફફડાટ અથવા હ્યદયના ભારે અને ફરી ફરીને થતાં ધબકારા

## શું મારા રસીકરણ પછી મારે 15 મિનિટ રાહ જોવી જોઈએ?

જયારે અમે પ્રથમ વખત ફાઈઝર (Pfizer) અને મોડેર્ના (Moderna) રસીનો ઉપયોગ કર્યો ત્યારે, લોકો તેમના રસીકરણ પછી 15 મિનિટ સુધી નિરીક્ષણ કરવા માટે પાછળ રહ્યા હતા. એલર્જીક પ્રતિક્રિયાઓના ખૂબ જ ઓછા દરને કારણે, ફક્ત ગંભીર એલર્જીનો ઇતિહાસ ધરાવતા લોકો અથવા અગાઉના કોવિડ-19 (COVID-19) રસીકરણ પર પ્રતિક્રિયા ધરાવતા લોકોએ આ સમય સુધી રાહ જોવાની જરૂર રહે છે.

આમ છતાં પણ, બેભાન થવાના જોખમને કારણે, કોઈ પણ વ્યક્તિએ રસીકરણ પછી ઓછામાં ઓછી 15 મિનિટો સુધી વાહન ચલાવવું જોઈએ નહિ.

## હું દૈનિક પ્રવૃત્તિઓમાં ક્યારે પાછા જઈ શકું?

જયાં સુધી તમને સારું લાગે ત્યાં સુધી તમારા માટે સામાન્ય હોય એવી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા સમર્થ હોવા જોઈએ. જો તમારા હાથમાં ખાસ કરીને દુ:ખાવો થતો હોય તો, તમને ભારે વજન ઉપાડમાં મુશ્કેલી પડી શકે. જો તમને અસ્વસ્થતા લાગે અથવા ખૂબ જ થાક લાગે તો તમારે આરામ કરવો જોઈએ અને  મશીનરી ચલાવવાનું અથવા ડ્રાઇવિંગ કરવાનું ટાળવું જોઈએ.

## શું રસી મારું રક્ષણ કરશે?

તમે જે કોવિડ-19 (COVID-19) રસીઓ લીધી હતી તે ગંભીર કોવિડ-19 (COVID-19) રોગથી પીડિત થવાની શક્યતાને ઘટાડવા માટે બતાવવામાં આવેલ છે.

તમારા શરીરને પ્રથમ ડોઝથી રક્ષણ આપવામાં થોડા અઠવાડિયાઓ લાગી શકે. તમારા શરીરે કોઈ પણ વધારાના ડોઝીસ પછી (થોડા દિવસો પછી) વધારે ઝડપથી પ્રતિભાવ આપવાનું શરૂ કરવું જોઈએ. બધી દવાઓની જેમ, કોઈ પણ રસી સંપૂર્ણપણે અસરકારક નથી, તેથી તમારે ચેપથી દૂર રહેવા માટે સમજદારીપૂર્વક સાવચેતીઓ રાખવાનું ચાલુ રાખવું જોઈએ. અમુક લોકોને રસીકરણ લીધા હોવા છતાં પણ કોવિડ-19 (COVID-19) થઈ શકે, પણ આ ઓછો ગંભીર હોવો જોઈએ.

આ રસી તમને કોવિડ-19 (COVID-19) ચેપ આપી શકે નહિ, અને એક સંપૂર્ણ કોર્સ તમને ગંભીર રીતે બીમાર થવાની સંભાવનાને ઘટાડશે.




**તમારા કાર્ડને સુરક્ષિત રાખો.**
**તમે NHS App પણ તપાસી શકો છો.**

## રસીકરણ, સૌથી વધારે નબળા લોકોને સુરક્ષિત કરવામાં મદદ કરે છે

**જો તમને કોવિડ-19 (COVID-19) રસીકરણ વિષે વધારે માહિતીની જરૂર હોય તો કૃપા કરી મુલાકાત લો:**

www.nhs.uk/conditions/coronavirus-covid-19/coronavirus-vaccination/coronavirus-vaccine/




© Crown copyright 2023
V7. 3M MAR 2023 (APS). Product Code: COV23WTGU Gujarati
UK Health Security Agency gateway number: 2022811

આ પત્રિકા અંધલિપિમાં, BSL વિડિઓ તરીકે, મોટા છાપેલા અક્ષરોમાં, સરળ વાંચન વૃતાંત તરીકે, 26 થી વધારે ભાષાઓમાં અનુવાદ કરેલ પણ મળી રહે છે www.healthpublications.gov.uk માંથી ઓર્ડર કરવા અથવા કોલ કરો 0300 123 1002